# સમભાવપ્રાપ્ત જીવની દશા

પ્રિય અને અપ્રિય એવા ચેતન-અચેતન પદાર્થમાં જેનું મન મોહ પામતું નથી, તે સમભાવને પ્રાપ્ત થયેલો છે એમ જાણવું. કોઈ પોતાના હાથવતી ગોશીર્ષચન્દનનું વિલેપન કરે કે કોઈ વાંસલાથી છેદન કરે, તો પણ બન્નેમાં સમાનવૃત્તિ હોય ત્યારે સર્વોત્તમ સમભાવ પ્રાપ્ત હોય છે. કોઈ પ્રસન્ન થઇને સ્તુતિ કરે કે કોઈ ગુસ્સે થઇને અપમાન કરે, તો પણ જેનું ચિત્ત તે બન્નેમાં સરખું વર્તે છે, તે સમભાવમાં મગ્ન છે. પ્રયત્નથી થતા અને કલેશજનક એવા રાગાદિની ઉપાસના શા માટે કરવી? તેને બદલે વગર પ્રયત્ને મળી શકે એવા અનેક ખાવાયોગ્ય, ચાટવાયોગ્ય, ચૂસવાયોગ્ય અને પીવાયોગ્ય-એમ ચાર પ્રકારના સુખ આપનારા મનોહર પદાર્થોમાં સમભાવનો આશ્રય કરવો યોગ્ય છે. ખાવાયોગ્ય, ચાટવાયોગ્ય અને ચૂસવાયોગ્ય પદાર્થોથી વિમુખ ચિત્તવાળા યોગીઓ પણ સમભાવરૂપ અમૃત વારંવાર પીવે છે. આમાં કાંઈ ગુપ્ત નથી તેમ કોઈ ગુપ્ત રહસ્ય નથી, પરન્તુ અજ્ઞ અને બુદ્ધિમાનોને માટે એક જ ભવવ્યાધિને શમન કરનારું સમભાવરૂપ ઔષધ છે. જેનાથી પાપીઓ પણ ક્ષણમાત્રમાં શાશ્વત પદ પામી શકે છે, તે આ સમભાવનો પરમ પ્રભાવ છે. જે સમભાવ પ્રાપ્ત થતાં રત્નત્રય સફળ થાય છે અને જેના વિના નિષ્ફળતા પામે છે, તે મહાપ્રભાવયુક્ત સમભાવને નમસ્કાર કરું છું. હું ( ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરિજી ) સર્વ શાસ્ત્રના રહસ્યને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણી પોકાર કરીને કહું છું કે–આ લોક અને પરલોકમાં સમભાવથી બીજી કોઈ સુખની ખાણ નથી. જ્યારે ઉપસર્ગો આવી પડે છે અને મૃત્યુ સામે ઊભું હોય છે, ત્યારે તે કાળને ઉચિત સમભાવથી બીજું કાંઈ પણ ઉપયોગી નથી. રાગદ્વેષાદિ શત્રુઓનો નાશ કરનાર સમભાવરૂપ સામ્રાજ્યની લક્ષ્મી ભોગવીને પ્રાણીઓ શુભ ગતિને પ્રાપ્ત કરે છે, તેથી જો આ મનુષ્યજન્મ સફળ કરવો હોય તો અમર્યાદ સુખથી પૂર્ણ સમભાવને પ્રાપ્ત કરવામાં જરા પણ પ્રમાદ ન કરવો જોઈએ.

## દૈવ અને પુરૂષાર્થની સાપેક્ષતા

એકલા દૈવથી જ કે એકલા પુરૂષાકારથી થતાં કાર્યનું નિષ્પન્ન થવું અશક્ય છે. જો એકલું કર્મ જ પુરૂષાકારથી સાધ્ય કાર્યની પણ નિષ્પત્તિ કરી શકતું હોય, તો દાનાદિમાં ભાવ માત્રના ભેદે કરીને જ ફલનો ભેદ પ્રાપ્ત થાય છે તે સિદ્ધ થાય નહિ: માટે કર્મથી પુરૂષાકાર અને પુરૂષાકારથી કર્મ–બન્ને અન્યોન્ય આશ્રિત છે. એકની પ્રબળતા વખતે બીજાની ગૌણુતા અને બીજાની પ્રબળતા વખતે પહેલાની ગૌણુતા થાય છે. ચરમ–છેલ્લા પુદ્ગલપરાવર્ત્ત કાળને વિષે પુરૂષાકારની પ્રબળતા અને કર્મની નિર્બળતા હોય છે, જ્યારે એ સિવાયના–અચરમાવર્ત્તમાં કર્મની પ્રબળતા અને પુરૂષાકારની નિર્બળતા હોય છે.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org